
# નાના થૈને રે!



GJ
891.478
M 472 N

ઝવેરચંદ મેઘાણી

## ક્રમ


| | |
|---|---|
| 1 વેણીનાં ફૂલ | આવજો, વહાલી બા! 20 |
| 3 પારેવાં લ્યો | લાલપ ક્યાંથી? 22 |
| 4 નીંદરભરી | ચૂંદડી 24 |
| 5 દાદાજીના દેશમાં | હાલો ગલૂડાં રમાડવા 25 |
| 6 સૂરજ! ધીમા તપો! | રાતાં ફૂલ 26 |
| 7 દરિયો | નીંદર—ચોર 28 |
| 8 હું દરિયાની માછલી | વનરાજનું હાલરડું 29 |
| 9 આભના દીવડા | રાત પડતી હતી 33 |
| 11 આભનાં ફૂલો | શિવાજીનું હાલરડું 34 |
| 13 ઊભાં રો', રંગ વાદળી! | આષાઢી સાંજ 36 |
| 14 ચારણ—કન્યા | કજિયાળો! 37 |
| 18 તલવારનો વારસદાર | નાના થૈને રે! 39 |

ભાઈ તો બોખલા રે! 41


## પ્રથમ પંક્તિની સૂચિ


| | |
|---|---|
| 9 આભમાં આવડા શેના દીવા | દરિયો ડોલે રે માઝમ રાતનો 7 |
| 11 આભમાં આવડી શી ફૂલવાડી | નાના થૈને, નાના થૈને, નાના થૈને રે! 39 |
| 34 આભમાં ઊગેલ ચાંદલો... | નીંદરભરી રે ગુલાલે ભરી 4 |
| 20 આવજો, વહાલી બા! | પાળે ઘૂમે પારેવડાં, પારેવાં લ્યો 3 |
| 36 આષાઢી સાંજનાં અંબર ગાજે | ભાઈ તો બોખલા રે 41 |
| 26 એક ઝાડ માથે ઝૂમખડું | ભેટે ઝૂલે છે તલવાર 18 |
| 25 કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં | મારી મેંદીનો રંગ ઊડી જાય રે 6 |
| 37 કોણ કહે કજિયાળો મુજને | મારે ઘેર આવજે, બેની! 1 |
| 28 કોણે નીંદરડી ચોરી | રાત પડતી હતી, પડતી હતી 33 |
| 24 ચૂંદડી ચૌદ લોકમાં ગોતું | લીલા છે મોર, કાળી વાદળી રે 13 |
| 22 તારે આવડી લાલપ ક્યાંથી રે | વનરાવનનો રાજા રે 29 |
| 8 દરિયાના બેટમાં રહેતી | સાવજ ગરજે! 14 |

હાં રે દોસ્ત! હાલો દાદાજીના દેશમાં 5

# નાના થૈને રે!

## ઝવેરચંદ મેઘાણીનાં બાળગીતો


સંપાદક

મહેન્દ્ર મેઘાણી



લોકમિલાપ ટ્રસ્ટ

આવૃત્તિ 1 : 75 મી મેઘાણી-જયંતી : 1972 : એક લાખ નકલ
પુનર્મુદ્રણ : 1993 : નકલ 15,000

Acc. No. 130314
Date 13-9-2010
SIMLA

GJ
891.478
M472 N

ચિત્રકાર : કનુ દેસાઈ

રૂ. 4
100 નકલના રૂ. 250 * 1,000 નકલના રૂ. 2,000
[રવાનગી-ખરચ સાથે]

Library IIAS, Shimla
GJ 891.478 M 472 N
00130314

પ્રકાશક
ગોપાલ મેઘાણી
લોકમિલાપ ટ્રસ્ટ (1565 સરદારનગર) ભાવનગર 364001

મુદ્રક
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર

# વેણીનાં ફૂલ

[ઢાળ : મારે ઘેર આવજો માવા, ઊનાં ઊનાં ઢેબરાં ખાવા]

મારે ઘેર આવજે, બેની!
નાની તારી ગૂંથવા વેણી.
આપણા દેશમાં નીર ખૂટયાં ને
સળગે કાળ દુકાળ;
ફૂલ વિના, મારી બેનડી! તારા
શોભતા નો'તા વાળ. —મારે૦

બાગબગીચાના રોપ નથી, બેની!
ઊગતા મારે ઘેર;
મોગરા ડોલર જાઇ ચંબેલીની
મારે માથે નથી મ્હેર. —મારે૦

રૂપ સુગંધી હું કાંઇ નો જાણું!
ડુંગરાનો ગોવાળ;
આવળ બાવળ આકડા કેરી
કાંટચમાં આથડનાર. —મારે૦

ડુંગરાની ઊંચી ટોચ ઊભેલાં
રાતડાં ગુલેનાર;
સાપ–વીંટચા પીળા કેવડા હું મારી
બેન સાટુ વીણનાર. —મારે૦

પહાડ તણે પેટાળ ઊગેલાં
લાલ કરેણીનાં ઝાડ;
કેશૂડલાં કેરી વાંકડી કળીઓ
વીણીશ છેલ્લી ડાળ. —મારે૦

ખેતર વચ્ચે ખોઇ વાળીને
ફૂલ ઝીણાં ખોળીશ;
વાગશે કાંટા, દુખશે પાની,
તોય જરીકે ન બ્હીશ. —મારે૦

સાંજ વેળા મારી ગાવડી ધોળી
આવીશ દોટાદોટ;
ગોંદરે ઊભીને વાટ જોતી બેની
માંડશે ઝૂંટાઝૂંટ. —મારે૦

મોઢડાં નો મચકોડજે, બાપુ!
જોઇ જંગલનાં ફૂલ;
મોરલીવાળાને માથડે એ તો
ઓપતાં'તાં અણમૂલ. —મારે૦

શિવ ભોળા, ભોળાં પારવતી, એને
ભાવતાં દિવસરાત;
તુંય ભોળી મારી દેવડી! તુંને
શોભશે સુંદર ભાત. —મારે૦

ભાઇભાભી બેય ભેળાં બેસીને
ગૂંથશું તારે ચૂલ;
થોડી ઘડી પે'રી રાખજે વીરનાં
વીણેલ વેણી–ફૂલ!

મારે ઘેર આવજે, બેની,
લાંબી તારી ગૂંથવા વેણી!

*

## પારેવાં લ્યો

પાળે ઘૂમે પારેવડાં, પારેવાં લ્યો,
ટોડલે ઘૂમે મોર, માના જનમ્યા! પારેવાં લ્યો.

પાંચ ધોળાં પાંચ વાદળી, પારેવાં લ્યો,
આંખડી રાતી ચોળ, માના જનમ્યા! પારેવાં લ્યો.

આંગણિયે પગ પાડતાં, પારેવાં લ્યો,
ધૂળમાં ગૂંથે ફૂલ, માના જનમ્યા! પારેવાં લ્યો.

ઘેરું ઘેરું કાંઈ ઘૂઘવે, પારેવાં લ્યો,
લીલી ફુલાવે ડોક, માના જનમ્યા! પારેવાં લ્યો.

જોડલું જુદું થાય ને, પારેવાં લ્યો,
રોજ પારેવી સંગ, માના જનમ્યા! પારેવાં લ્યો.

આભને આરે ઊડતાં, પારેવાં લ્યો,
પોઢતાં પૃથવી માંય, માના જનમ્યા! પારેવાં લ્યો.

અસળ ધાન આરોગતાં, પારેવાં લ્યો,
ભૂખ્યાં કાંકર ખાય, માના જનમ્યા! પારેવાં લ્યો.

ચબૂતરે એનાં બેસણાં, પારેવાં લ્યો,
રાજમો'લુંને ગોખ, માના જનમ્યા! પારેવાં લ્યો.

બેનીબાએ બોલાવિયાં, પારેવાં લ્યો,
તીતી! તીતી! બોલે, માના જનમ્યા! પારેવાં લ્યો.

આંગળીએ ઊડી બેસતાં, પારેવાં લ્યો,
હાથેળીએ ચણ ખાય, માના જનમ્યા! પારેવાં લ્યો.

ઝીણી ઝીણી ચાર ઝંઝરી, પારેવાં લ્યો,
ઘૂઘરિયાળી ઘડાવો, માના જનમ્યા! પારેવાં લ્યો.

ભાભલડી પે'રાવશે, પારેવાં લ્યો,
પારેવડાંને પાય, માના જનમ્યા! પારેવાં લ્યો.

રૂમઝૂમન્ત નેવલે, પારેવાં લ્યો,
ઓસરીએ ઘમકાર, માના જનમ્યા! પારેવાં લ્યો.

[પહેલી બે પંક્તિ લોકગીતની]

*

## નીંદરભરી

નીંદરભરી રે ગુલાલે ભરી,
બેનીબાની આંખડી નીંદરભરી રે.

નીંદરને દેશ બેની નત્ય નત્ય જાતાં,
અંકાશી હીંચકાની હોડી કરી. —બેનીબાની૦

દોરી તાણીને વીર મારે હલેસાં,
હાલાં વાયાં ને હોડી વેગે ચડી. —બેનીબાની૦

નીંદર બેઠી છે નીલ સમદરના બેટમાં,
કેસરિયા દૂધના કટોરા ધરી. —બેનીબાની૦

નીંદરનો બાગ કાંઇ લૂંબે ને ઝૂંબે,
કળીઓ નિતારીને કચોળી ભરી. —બેનીબાની૦

સીંચ્યાં એ તેલ મારી બેનીને માથડે,
નાવણ કરાવે ચાર દરિયાપરી. —બેનીબાની૦

છીપોની વેલડીને જોડયા જળ–ઘોડલા,
બેસીને બેન જાય મુસાફરી. —બેનીબાની૦

સાતે સિંધુને તીર સફરો રે કીધી,
સૂરજ ઊગ્યો ને બેન આવ્યાં ફરી. —બેનીબાની૦

[પહેલી બે પંક્તિ લોકગીતની]

*

## દાદાજીના દેશમાં

હાં રે દોસ્ત! હાલો દાદાજીના દેશમાં,
પ્રેમસાગર પરભુજીના દેશમાં. —હાં રે૦

મધુર મધુર પવન વાય,
નદી ગીતો કૈં ગાય,
હસી હોડી વહી જાય
મારા માલિક રાજાજીના દેશમાં. —હાં રે૦

સાત દરિયા વીંધીને વહાણ હાલશે,
નાગ–કન્યાના મ્હેલ રૂડા આવશે,
એની આંખોમાં મોતી ઝરતાં હશે,
હાં રે દોસ્ત! હાલો મોતીડાંના દેશમાં. —હાં રે૦

સાત વાદળ વીંધીને વહાણ લઇ જશું,
ત્રીશ કોટિ તારાની સાથ ખેલશું,
ચંદ્ર–સૂરજ ખીસામાં ચાર મેલશું,
હાં રે દોસ્ત! હાલો ચાંદરડાના દેશમાં. —હાં રે૦

સમી સાંજે દાદાને દેશ પ્હોંચશું,
એના પાંખાળા ઘોડા ખેલાવશું,
પછી પરીઓને ખોળે પોઢી જશું,
હાં રે દોસ્ત! હાલો એ પરીઓના દેશમાં. —હાં રે૦

ભલે હોય ઘણું તાણ,
ભલે ઊઠે તોફાન,
આજ બનશું બેભાન
થવા દાખલ દાદાજીના દેશમાં!

હાં રે દોસ્ત! હાલો દાદાજીના દેશમાં,
પ્રેમસાગર પરભુજીના દેશમાં.

*

## સૂરજ! ધીમા તપો!

મારી મેંદીનો રંગ ઊડી જાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો!

મારો કંકુનો ચાંદલો ચોળાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો!

મારી વેણી લાખેણી કરમાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો!

મારાં કાજળ નેણેથી ઝરી જાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો!

મારી ચૂડી અણમોલી તરડાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો!

મારે સેંથેથી હિંગળો રેળાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો!

મારી પાની સુંવાળી બળી જાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો!

મારા કેમે નો પંથ પૂરા થાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો!

જેને શોધું તે દૂર સરી જાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો!

*

## દરિયો

[ઢાળ : નાણું નાખ્યે દાદુભા ને મળે]

દરિયો ડોલે રે માઝમ રાતનો,
ઝૂલે જાણે પારણે મારો વીર રે! મધરાતે માતા
રોતા વીરાની દોરી તાણતી.

છલકે મોજાં ને છોળો મારતાં,
ખૂંદે જાણે ખોળલા મારો વીર રે! મધરાતે માતા
રોતા વીરાની દોરી તાણતી.

આભમાંથી ચાંદો રેલે ચાંદની,
પાથરે જાણે વીરાના ઓછાડ રે! મધરાતે માતા
રોતા વીરાની દોરી તાણતી.

ઝલકે ઝલકે રે જળમાછલી,
ઝલકે જાણે વીર મારાની આંખ રે! મધરાતે માતા
રોતા વીરાની દોરી તાણતી.

ઊઘડે ઊઘડે ને બિડાય તારલા,
ઊઘડે જાણે મા–જાયાનાં નેન રે! મધરાતે માતા
રોતા વીરાની દોરી તાણતી.

ઝબકે ઝબકે રે ઝીણી વીજળી,
ઝબકે જાણે સોણલે મારો વીર રે! મધરાતે માતા
રોતા વીરાની દોરી તાણતી.

દરિયો ગાજે રે માઝમ રાતનો,
માવડી જાણે વીરને હાલાં ગાય રે! મધરાતે માતા
રોતા વીરાની દોરી તાણતી.

દરિયો મલકે ને ડોલર ફીણ વળે,
મલકે જાણે વીર મારાનાં મુખ રે! મધરાતે માતા
રોતા વીરાની દોરી તાણતી.

*

## હું દરિયાની માછલી

દરિયાના બેટમાં રહેતી
પ્રભુજીનું નામ લેતી
હું દરિયાની માછલી!
હાં રે મને બારણે કાઢવી ન્હોતી,
હું દરિયાની માછલી!

જળની સાથે અમારે જનમ કેરી પ્રીતડી,
મરજો પ્રીત્યોના તોડનારા,
હું દરિયાની માછલી! —દરિયાના૦

દરિયાનાં નીર મને પાતાળે ગોતશે,
આભ લગી મારશે ઉછાળા,
હું દરિયાની માછલી! —દરિયાના૦

તારલાનાં તેજ ઊગી ઊગી આથમશે,
ચંદ્ર કેને પાશે અજવાળાં?
હું દરિયાની માછલી! —દરિયાના૦

છીપલીની છાતીએથી કોણ હવે ઝીલશે,
મોં ઉઘાડી મોતીડાં રૂપાળાં?
હું દરિયાની માછલી! —દરિયાના૦

દરિયાના દેશથી વિછોડી,
દુનિયાસું શીદ જોડી!
હું દરિયાની માછલી! —દરિયાના૦

*

## આભના દીવડા

[ઢાળ : વનમાં બોલે ઝીણા મોર]

આભમાં આવડા શેના દીવા
કે દીવડા કેણે કર્યા રે લોલ!
દીવડે કે દીયે ન ખૂટયાં તેલ
કે કેણે તેલ પૂર્યાં રે લોલ!

આભમાં રે' એક અબધૂત જોગી
કે માથડે જટા મોટી રે લોલ!
આભના આસમાની દેરામાં
કે તપસી તપ તપે રે લોલ!

પ્રભુજીની આરતીને કાજે રે
કે તપસી વાટયો વણે રે લોલ!
અબધૂત આંખલડી નિચોવી
કે આરતી તેલે ભરે રે લોલ!

અબધૂત ચાખડીએ ચટકંતો
કે ઘોર આભ ઘૂમી વળે રે લોલ!
અબધૂત ગેબ કેરા ગોખલામાં
કે કોડિયાં મેલી વળે રે લોલ!

અબધૂત મુખડાની ફૂંક મારે
કે દીવડા પ્રગટતા રે લોલ!
અબધૂત રોશનીનો રસિયો રે
કે રામને રાજી કરે રે લોલ!

દીવડે ઝળહળ ઝળહળ જ્યોતું
કે કેદી ઓલવાયે નહિ રે લોલ!
દીવડે જરીયે ઝાંખપ ના'વે
કે વાયરા છો ને વાયે રે લોલ!

વાયરે ડૂબતાં મોટાં વ્હાણ
કે જંગી ઝાડ પડે રે લોલ!
સાગરે પાણી પછાડા ખાયે
કે લાખ લાખ લોઢ ઊડે રે લોલ!

ડુંગરા ડોલે, મિનારા તૂટે,
ગગનમાં આંધી ચડે રે લોલ!
વાર વાર માંડે વીજ કડાકા
કે બાર બાર મેઘ તૂટે રે લોલ!

તોય મારે આભને દીવડલે રે
કે જરીયે ન જ્યોતું હલી રે લોલ!
આભમાં આવડા શેના દીવા
કે દીવડા કેણે કર્યા રે લોલ!

*

## આભનાં ફૂલો

આભમાં આવડી શી ફૂલવાડી
કે ફૂલડાં કેણે વાવ્યાં રે લોલ!
ફૂલડાં એક એકને જોઇ ભૂલું
કે રંગની ભભક ભરી રે લોલ!

આભમાં બાળુડો એક માળી
કે ફૂલનો ભારે ભોગી રે લોલ!
માળીએ દીઠલ ભોં આસમાની
કે પડતર જૂની પાની રે લોલ!

માળીએ દસ દિગપાળ તેડાવી
કે જોતર્યાં હળ ઝાઝાં રે લોલ!
માળીએ ખેતરડાં ખેડાવ્યાં
કે મેરુની કોશ કીધી રે લોલ!

માળીએ ખાતરડાં પુરાવ્યાં
કે માણેક હીરા મોતી રે લોલ!
માળીએ ઓરણાંમાં ઓરાવ્યાં
કે હાસ હસમુખાં તણાં રે લોલ!

માળીએ ક્યારીઓમાં સિંચાવ્યાં
કે માનાં ધાવણ મીઠાં રે લોલ!
માળીએ લાખ લાખ ટોયા રોક્યા
કે મોરલા પોપટ મેના રે લોલ!

ઊગિયાં નખતર મોટાં ઝાડ
કે ફૂલના ફાલ ફાલ્યા રે લોલ!
ચડી ચડી આભગંગાની વેલ્યું
કે ફૂલડે લચી પચી રે લોલ!

ફૂલડાં નવરંગી સહુ ભાળે
કે કોઈને ફોરમ ના'વે રે લોલ!
આભમાં બાગુડો એક માળી
કે ફોરમ માણી રહ્યો રે લોલ!

આભમાં આવડી શી ફૂલવાડી
કે ફૂલડાં કેણે વાવ્યાં રે લોલ!

*

# ઊભાં રો', રંગ વાદળી!

[ઢાળ : સોના ઇંઢોણી રૂપા બેડલું રે નાગર, ઊભા રો' રંગ રસિયા!]

લીલા છે મોર, કાળી વાદળી રે
એક વાર ઊભાં રો', રંગ વાદળી!

વરસ્યા વિણ શાને વહ્યાં જાવ રે
એક વાર ઊભાં રો', રંગ વાદળી!

ઝૂરે બાપૈયા, ઝૂરે ઝાડવાં રે —એક વાર૦
તરસ્યાં નદીઓ તે કેરાં તીર રે —એક વાર૦

ઝાઝા દા'ડાના દીધા વાયદા રે —એક વાર૦
બેઠાં આશાએ બાર માસ રે —એક વાર૦

ઊંચા આકાશની અટારીએ રે —એક વાર૦
ઊભાં શાને વિખેરી વેણ્ય રે —એક વાર૦

ઓઢી છે ઇંદ્રધનુ ઓઢણી રે —એક વાર૦
મેલ્યા બે છેડલા ઢળંત રે —એક વાર૦

આષાઢી બીજની આડચો કરી રે —એક વાર૦
તારાની ટીલડી લલાટ રે —એક વાર૦

કાંડે તે વીજ કેરી કાંકણી રે —એક વાર૦
વાદળ-ગંગાનો ગળે હાર રે —એક વાર૦

લાંબા તે કાળની વિજોગણી રે —એક વાર૦
કાઢો છો કોને કાજ દોટ રે —એક વાર૦

જળ રે દેવીની તમે દીકરી રે —એક વાર૦
દાદા રૂડા તે રવિ ભાણ રે —એક વાર૦

જનનીની પ્રીત ક્યમ વીસર્યાં રે —એક વાર૦
દાદાના તાપ શે સે'વાય રે —એક વાર૦

આવો આકાશની અધીશ્વરી રે —એક વાર૦
પૃથ્વીનાં પંખીડાં પોકારે રે —એક વાર૦

ટાંપી ટાંપીને મોર ટૌકિયા રે —એક વાર૦
આવો અમીની ભરેલ બેન રે —એક વાર૦

*

## ચારણ-કન્યા

[ગીરમાં તુલસીશ્યામની નજીક ચારણોનો એક નેસ છે. ત્યાંની હીરબાઇ નામની એક ચૌદ વર્ષની ચારણ-કન્યાએ એકલીએ પોતાની વાછડીને મારનાર વિકરાલ સિંહને વાછડીનું માંસ ચાખવા ન દેતાં લાકડી વતી હાંકી મૂક્યો હતો.]

સાવજ ગરજે!

વનરાવનનો રાજા ગરજે
ગીરકાંઠાનો કેસરી ગરજે
ઐરાવતકુળનો અરિ ગરજે

કડયપાતળિયો જોદ્ધો ગરજે
મોં ફાડી માતેલો ગરજે
જાણે કો જોગંદર ગરજે
નાનો એવો સમદર ગરજે

ક્યાં ક્યાં ગરજે?

બાવળનાં જાળાંમાં ગરજે
ડુંગરના ગાળામાં ગરજે

કણબીના ખેતરમાં ગરજે
ગામ તણા પાદરમાં ગરજે

નદીઓની ભેખડમાં ગરજે
ગિરિઓની ગોહરમાં ગરજે
ઊગમણો આથમણો ગરજે
ઓરો ને આઘેરો ગરજે!

## થર થર કાંપે!

વાડામાં વાછડલાં કાંપે
કૂબામાં બાળકડાં કાંપે
મધરાતે પંખીડાં કાંપે
ઝાડ તણાં પાંદડલાં કાંપે

પહાડોના પથ્થર પણ કાંપે
સરિતાઓનાં જળ પણ કાંપે
સૂતાં ને જાગંતાં કાંપે
જડ ને ચેતન સૌએ કાંપે!

## આંખ ઝબૂકે!

કેવી એની આંખ ઝબૂકે!
વાદળમાંથી વીજ ઝબૂકે
જોટે ઊગી બીજ ઝબૂકે
જાણે બે અંગાર ઝબૂકે
હીરાના શણગાર ઝબૂકે

જોગંદરની ઝાળ ઝબૂકે
વીર તણી ઝંઝાળ ઝબૂકે

ટમટમતી બે જ્યોત ઝબૂકે
સામે ઊભું મોત ઝબૂકે

જડબાં ફાડે !
ડુંગર જાણે ડાચાં ફાડે
જોગી જાણે ગુફા ઉઘાડે
જમરાજાનું દ્વાર ઉઘાડે
પૃથ્વીનું પાતાળ ઉઘાડે

બરછી સરખા દાંત બતાવે
લસ ! લસ ! કરતી જીભ ઝુલાવે !

બહાદર ઊઠે !
બડકંદાર બિરાદર ઊઠે
ફરસી લેતો ચારણ ઊઠે
ખડગ ખેંચતો આહીર ઊઠે
બરછી ભાલે કાઠી ઊઠે
ઘર ઘરમાંથી માટી ઊઠે

ગોબો હાથ રબારી ઊઠે
સોટો લઈ ઘરનારી ઊઠે
ગાય તણા રખવાળો ઊઠે
દૂધમલા ગોવાળો ઊઠે

મૂછે વળ દેનારા ઊઠે
ખોંખારો ખાનારા ઊઠે
માનું દૂધ પીનારા ઊઠે
જાણે આભ–મિનારા ઊઠે !

## ઊભો રે'જે

ત્રાડ પડી કે ઊભો રે'જે!
ગીરના કુત્તા ઊભો રે'જે!
કાયર દુત્તા ઊભો રે'જે!

પેટભરા! તું ઊભો રે'જે!
ભૂખમરા! તું ઊભો રે'જે!
ચોર—લૂંટારા! ઊભો રે'જે!
ગા—ગોઝારા ઊભો રે'જે!

## ચારણ—કન્યા

ચૌદ વરસની ચારણ-કન્યા
ચૂંદડિયાળી ચારણ-કન્યા
શ્વેતસુંવાળી ચારણ-કન્યા
બાળી ભોળી ચારણ-કન્યા
લાલ હિંગોળી ચારણ-કન્યા

ઝાડ ચડંતી ચારણ-કન્યા
પહાડ ઘૂમંતી ચારણ-કન્યા
જોબનવંતી ચારણ-કન્યા
આગ—ઝરંતી ચારણ-કન્યા
નેસ—નિવાસી ચારણ-કન્યા
જગદંબા—શી ચારણ-કન્યા

ડાંગ ઉઠાવે ચારણ-કન્યા
ત્રાડ ગજાવે ચારણ-કન્યા
હાથ હિલોળી ચારણ-કન્યા
પાછળ દોડી ચારણ-કન્યા!

ભયથી ભાગ્યો !

સિંહણ, તારો ભડવીર ભાગ્યો
રણ મેલીને કાયર ભાગ્યો
ડુંગરનો રમનારો ભાગ્યો
હાથીનો હણનારો ભાગ્યો

જોગીનાથ જટાળો ભાગ્યો
મોટો વીર મુછાળો ભાગ્યો
નર થઈ તું નારીથી ભાગ્યો
નાનકડી છોડીથી ભાગ્યો !

*

## તલવારનો વારસદાર

[ઢાળ : શેના લીધા મોરા શ્યામ, અબોલડા શેના લીધા રે !]

ભેટે ઝૂલે છે તલવાર :
વીરાજી કેરી ભેટે ઝૂલે રે.
ભીંતે ઝૂલે છે તલવાર :
બાપુજી કેરી ભીંતે ઝૂલે રે.

મારા બાપુને, બેન ! બે બે કુંવરિયા,
બે વચ્ચે પાડયા છે ભાગ;
*હાં રે બેની ! બે વચ્ચે પાડયા છે ભાગ,
વીરાજી કેરી ભેટે ઝૂલે રે.
મોટે માગી છે મો'લ મે'લાતો વાડીઓ,
નાને માગી છે તલવાર —વીરાજી૦

[* બધી કડીઓમાં બીજી–ત્રીજી વાર આ રીતે ગવાશે તો રાસડો ચગાવી શકાશે.]

મોટો મ્હાલે છે મો'લ મેડીની સાયબી,
નાનો ખેલે છે શિકાર —વીરાજી૦

મોટો ચડિયો છે કાંઈ હાથી–અંબાડીએ,
નાનેરો ઘોડે અસવાર —વીરાજી૦

મોટો કાઢે છે રોજ કાવા કસૂંબલા,
નાનેરો ઘૂમે ઘમસાણ —વીરાજી૦

મોટો પોઢે છે લાલ રંગીલે ઢોલિયે,
નાનો ડુંગરડાની ધાર —વીરાજી૦

મોટો મઢાવે વેઢ વીંટી ને હારલા,
નાનો સજાવે તલવાર —વીરાજી૦

મોટાને સોહે હીર–જરિયાની આંગડી,
નાનાને ગેંડાની ઢાલ —વીરાજી૦

મોટો સંતાય સુણી શત્રુના રીડિયા,
નાનેરો દ્યે છે પડકાર —વીરાજી૦

મોટો ભાગ્યો છે સેન શત્રુના ભાળતાં,
નાનેરો *ઝીકે છે ઘાવ —વીરાજી૦

મોટો જીવ્યો છે પાય શત્રુના પૂજતો,
નાનેરો સૂતો સંગ્રામ —વીરાજી૦

મોટે રે માડી ! તારી કૂખો લજાવી,
નાને ઉજાળ્યા અવતાર —વીરાજી૦

[* બીજો પાઠ : ઝીલે છે ઘાવ.]

મોટાનાં મોત ચાર ડાઘુડે જાણિયાં,
નાનાની ખાંભી પૂજાય —વીરાજી૦

ભેટે ઝૂલે છે તલવાર :
વીરાજી કેરી ભેટે ઝૂલે રે !

ભીંતે ઝૂલે છે તલવાર :
બાપુજી કેરી ભીંતે ઝૂલે રે !

*

## આવજો, વહાલી બા !

[મરતા બાળકનો સંદેશો]

આવજો આવજો, વહાલી બા !
એક વાર બોલ : ભલે ભાઈ, તું જા !

પાછલી તે રાતને પહેલે પરોઢિયે
ઝબકીને તું જ્યારે જાગે,
રે મા ! ઝબકીને તું જ્યારે જાગે;
ઓશીકે–પાંગતે ફેરવતાં હાથ તુંને
પડખું ખાલી લાગે, હો મા !

માડી, મને પાડજે હળવા સાદ,
પડઘો થઈ હું દેશ જવાબ. —આવજો૦

તારા હૈયા તે પરે ખેલવા ને ગેલવા
આવું બની હવાનો હિલોળો,
રે મા ! આવું બની હવાનો હિલોળો;
લાંબી લટોમાં રમુ ઓળકોળાંબડે
ગૂંથશે તું જ્યારે અંબોડો, હો મા !

માડી! તારો ઝલ્યો હું નહીં રે ઝલાઉં,
ચાર–પાંચ ચૂમી ભરી ચાલ્યો જાઉં. —આવજો૦

ચંદન તળાવડીનાં નીર મહીં ના'તી
જોઈ જૈશ હું તને જ્યારે,
રે મા! જોઈ જૈશ હું તને જ્યારે;
મોજું બનીને તારે અંગેઅંગ મ્હાલીશ
તોય મને કોઈ નહિ ભાળે, હો મા!

માડી! મારી છલછલ છાની વાત
સાંભળીને કરજે ના કલપાંત. —આવજો૦

આષાઢી રાતની મેહુલિયા–ધારનું
ઝરમર વાજું વગાડું,
રે મા! ઝરમર વાજું વગાડું;
બાબુડિયા બેટડાને સંભારી જાગતી
માડી! તુંને મીઠડી ઉંઘાડું, હો મા!

માડી! હું તો વીજળીનો ઝબકારો
કે જાળિયેથી 'હાઉક !' કરી જૈશ હું અટારો. —આવજો૦

આકાશી ગોખનો ટલમલ તારલો
થૈને બોલીશ : બા! સૂઈ જા,
રે મા! થૈને બોલીશ : બા! સૂઈ જા;
ચાંદાનું કિરણ બની લપતો ને છપતો તુંને
ભરી જૈશ એક–બે બક્કા, હો મા!

માડી! તું તો ફેરવીને ગાલે હાથ
નાખજે નવ ઊંડો નિઃશ્વાસ. —આવજો૦



Acc. No. 130315
Date

ઝબલું–ટોપી લઈને માશીબા આવશે,
પૂછશે : ક્યાં ગયો બચુડો?
રે મા! પૂછશે : ક્યાં ગયો બચુડો?
કે'જે કે બેન, બચુ આ રે બેઠો
મારી આંખ કેરી કીકીઓમાં રૂડો,
હો બેન! મારે ખોળલે ને હૈયામાંય
બાળ મારો બેઠો છે સંતાઈ! —આવજો૦

[રવીન્દ્રનાથ ઠાકુરના 'વિદાય' પરથી]

*

## લાલપ ક્યાંથી?

તારે આવડી લાલપ ક્યાંથી રે
મારા લાડકવાયા લાલ!
તારે આવડી કૂણપ ક્યાંથી રે
મારા લટકાળા હો લાલ!

તારી હાથ–હથેળી
પગની રે પેની
ગુલ ફૂલ સરીખા ગાલ,
એને આવડાં રંગ્યાં શાથી રે
મારા બોલકણા હો બાળ!

માડી! હું ને હરિ બે રમતા રે
એક મેઘધનુષ મોઝાર;
અમે લથબથ કુસ્તી કરતા રે
ઘન ગાજતું ઘમઘમકાર;

મારો પગ ગયો લપટી
પડયો ગગનથી
ઊતર્યો આંબા–ડાળ.

તું તો નીર–નીતરતી ન્હાતી રે
એક સરવરિયાની પાળ;
તું તો જળ–ઝીલણિયાં ગાતી રે
તારી ડોકે ફૂલની માળ;

મને જુગતે લીધો ઝીલી રે
મારાં અંગ હતાં ગારાળ;
તારા અંતરમાં ઝબકોળી રે
મને નવરાવ્યો તતકાળ.

તારા ઉરથી ઢળી ગઇ લાલી રે
મને રંગ્યો લાલમલાલ;
તું તો બની ગઇ કાળી કાળી રે
મને કરિયો લાલ ગુલાલ.

તારે આવડી લાલપ ક્યાંથી રે?
મારા લાડકવાયા લાલ!

*

## ચૂંદડી

[ઢાળ : ધૂંબડી સૈયરમાં રમે]

ચૂંદડી ચૌદ લોકમાં ગોતું !
આભમાં ગોતું
ગેબમાં ગોતું
સાત પાતાળે ઘૂમતી ગોતું —ચૂંદડી૦

ચૂંદડી ચાર રંગમાં બોળી !
લાલ પીળા પરભાતમાં બોળી
ચાંદલી પૂનમ રાતમાં બોળી
વીજળી કેરા હોજમાં બોળી
મેઘધનુના ધોધમાં બોળી. —ચૂંદડી૦

ચૂંદડી ચાર ચોકમાં ઓઢું !
માનસરોવરે ઝીલતી ઓઢું
આભની વેલ્યે વીણતી ઓઢું
ડુંગર ડુંગર દોડતી ઓઢું
વાયરા ઉપર પોઢતી ઓઢું. —ચૂંદડી૦

ચૂંદડી ચાર છેડલે ફાટી
રાસડા લેતાં
તાળીઓ દેતાં
સાગરે ન્હાતાં નીરમાં ફાટી. —ચૂંદડી૦

*

# હાલો ગલૂડાં રમાડવા!

[શિરીમાં કૂતરી વિયાય એ બાળકો માટે આનંદ, નૃત્ય અને પશુપ્રેમના ઉમળકા ઠાલવવાનો અવસર બને છે.]

કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં,
ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

માડીને પેટ પડી ચસ! ચસ! ધાવે,
વેલે ચોંટયાં જેમ તૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

માતાને માથડે ચડતાં ને ચાટતાં,
જોગણનાં જાણે લટૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

રાતાં માતાં ને રોમ રોમે સુંવાળાં,
હોય મીઠાં ગાલ–મસૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

બાને વ્હાલાં છે જેમ વીરો ને બેની,
કાળવીને વ્હાલાં કુરકુરિયાં જી રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

મોટાં થાશે ને મારી શેરી સાચવશે,
જાગશે રાતે બહાદુરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

ટીપૂડો દીપૂડો ડુંગરડે ઘૂમશે,
ગોધેન ભેળા વોળાવિયા રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

મોતિયો ને માનિયો એકે રોકાશે,
વાછરું ને પાડરું ભળાવિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે !

ડાઘિયો ને ડૂઘિયો ખેતરમાં જાશે,
વાસુ રે'શે બે રખોલિયા રે
હાલો ગલૂડાં રમાડવા જી રે !

કાળિયો ને લાળિયો પાદર પસાયતા,
બાઉ ! બાઉ ! આલબેલ બોલિયા રે
હાલો ગલૂડાં રમાડવા જી રે !

ગોળ–ઘી–લોટના શેરા બનાવ્યા,
કાળવીનાં પેટડાં પૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે !

પેટ ભરીને માડી બાળક ધવરાવે,
ધાવીને પોઢે ટીપૂડિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે !

*

## રાતાં ફૂલ

એક ઝાડ માથે ઝૂમખડું,
ઝૂમખડે રાતાં ફૂલ
ભમર રે રંગ ડોલરિયો.

એક ડાળ માથે પોપટડો,
પોપટડે રાતી ચાંચ
ભમર રે રંગ ડોલરિયો.

એક પાળ માથે પારેવડું,
પારવડે રાતી આંખ
ભમર રે રંગ ડોલરિયો.

એક મો'લ માથે મરઘલડો,
મરઘલડે માંજર લાલ
ભમર રે રંગ ડોલરિયો.

એક નાર માથે ચૂંદલડી,
ચૂંદડીએ રાતી ભાત્ય
ભમર રે રંગ ડોલરિયો.

એક માત–કાખે બાળકડું,
બાળકના રાતા ગાલ
ભમર રે રંગ ડોલરિયો.

એક બેન માથે સેંથલિયો,
સેંથલિયે લાલ હિંગોળ
ભમર રે રંગ ડોલરિયો.

એક ગોખ માથે ભાભલડી,
ભાભજના રાતા દાંત
ભમર રે રંગ ડોલરિયો.

એક પ્હાડ માથે પાવળિયો,
પાવળિયે લાલ સિંદોર
ભમર રે રંગ ડોલરિયો.

એક આભ માથે ચાંદરડું,
ચાંદરડે રાતાં તેજ
ભમર રે રંગ ડોલરિયો.

એક સિંધુ–પાળે સાંજલડી,
સાંજડીએ રાતા હોજ
ભમર રે રંગ ડોલરિયો.

[પહેલી કડી લોકગીતની]

*

## નીંદર-ચોર

[ઢાળ : આંખલડી કામણગારી કાનુડા તારી]

કોણે નીંદરડી ચોરી,
હો બેની! તારી કોણે નીંદરડી ચોરી?
થાક્યાં તાણીને તારી દોરી,
હો બેની! તારી કોણે નીંદરડી ચોરી?

જંપ્યાં છે ઝાડ–પાંદ, જંપ્યાં પંખીડલાં,
વેળા વૈશાખની બપોરી. —હો બેની૦

પાણીડાં ગઈ'તી હું તો પાદરડી વાડીએ,
ઝોલાં ખાતી'તી ગાય ગોરી. —હો બેની૦

શેરીમાં જાઉં ત્યાંય શીળુડે છાંયડે,
ઊંઘે છે ડાધિયો અઘોરી. —હો બેની૦

આંબાની મ્હેક મ્હેક મંજરીનાં ઝૂંડમાં
પોઢયાં ચકવાં અને ચકોરી. —હો બેની૦

ડોબીની ડોક તણું માંડી ઓસીકડું,
ઘોરે ગોવાળિયાની છોકરી. —હો બેની૦

સૌએ સંપીને તારી નીંદર સંતાડી!
રાખી નહીં રાતનીય થોડી. —હો બેની૦

*

# વનરાજનું હાલરડું

[ઢાળ : બાળુડો પધાર્યા રે બાઇયું, મારે આંગણે હોજી]

વનરાવનનો રાજા રે
પોઢયો ઊંચે પારણે હો રાજ!
બહાદુર બાળો રાજા રે
પોઢયો ઊંચે પારણે હો રાજ!
હાં રે પોઢયો જયશેખરનો બાળ
હાં રે પોઢયો વેરીડાં કેરો કાળ

હલકે ને હીંચોળું રે
રાજા ગુર્જર દેશનો હો રાજ!
જુગતે ને ઝુલાવું રે
મોભી ગુર્જર માતનો હો રાજ!

2

ઊંચેરી વડવાયે રે
વનરાજાનાં પારણાં હો રાજ!
અંકાશીલી ડાળ્યે રે
બાળુડાનાં ઝૂલણાં હો રાજ!
હાં રે માથે હીરે મઢેલ આકાશ
હાં રે માથે પૂનમના અંજવાસ

દૂધલડાં કંઇ પીતો રે
રૂપાવરણી રાતનાં હો રાજ!
ગોઠડિયું કંઇ કરતો રે
તારલિયાની સાથમાં હો રાજ!
વનરાવનનો રાજા રે
પોઢયો ઊંચે પારણે હો રાજ!

3

વાંકડિયા મોવાળા રે
    વનરાજાને શોભતા હો રાજ!
કાળાં કરચલિયાળાં રે
    જુલફાં ડોકે ઝૂલતાં હો રાજ!
    હાં રે એનું કંકુડાવરણું કપાળ
    હાં રે એની આંખે અગનની ઝાળ.

વાટલડી કંઈ જોતો રે
    જોબન ક્યારે આવશે હો રાજ!
ઝબકી ઝબકી જોતો રે
    જોદ્ધા ક્યારે જાગશે હો રાજ!
સ્વપનામાં સાંભળતો રે
    હાકલ ક્યારે વાગશે હો રાજ!
વનરાવનનો રાજા રે
    પોઢયો ઊંચે પારણે હો રાજ!

4

ઘેલૂડી ઓ સિંહણ રે,
    વાર્યે તારા બાળને હો રાજ!
વકરેલી ઓ વાઘણ રે,
    રોક્યે તારી ત્રાડને હો રાજ!
    હાં રે મારા રાજાની ઊંઘ વીંખાય
    હાં રે મારો બાળુડો ઝબકી જાય.

કાચી ને નીંદરનો રે
    કોપ્યો તમને મારશે હો રાજ!

થોડી ને નીંદરનો રે
જાગ્યો તમને મારશે હો રાજ!
વનરાવનનો રાજા રે
પોઢયો ઊંચે પારણે હો રાજ!

5

મૂઠડિયું ભીડીને રે
મોભી મારો પોઢિયો હો રાજ!
ડાઢડિયું ભીંસીને રે
કુંવર મારો પોઢિયો હો રાજ!
હાં રે જાણે તાણી ઝાલેલી તરવાર
હાં રે જાણે ઝૂઝે છે જુદ્ધ મોઝાર.

સોણામાં સંહારે રે
બાપુ કેરા મારને હો રાજ!
સમશાને સુવારે રે
મા–ભૂમિના ચોરને હો રાજ!
વનરાવનનો રાજા રે
પોઢયો ઊંચે પારણે હો રાજ!

6

ગરવી ગુર્જર માનાં રે
વીરને ઝાઝાં વારણાં હો રાજ!
આગભરી અંબાનાં રે
વીરને મોંઘાં મીઠડાં હો રાજ!
હાં રે વીરા! આજુનો દિન વિશ્રામ
હાં રે વા'લા! આજુની રાત આરામ.

કાલે ને કેસરિયાં રે
	ખાંડાધારે ખેલજો હો રાજ!
કાલે કંકુભરિયાં રે
	અરિને તેડાં મેલજો હો રાજ!
વનરાવનનો રાજા રે
	પોઢચો ઊંચે પારણે હો રાજ!

7

સ્વામીની સુર–વાટે રે
	રણ રમવા જાવું હતું હો રાજ!
સ્વર્ગાપુરને ઘાટે રે
	સંગાથી થાવું હતું હો રાજ!
તે દી મારે હૈયે પોઢેલો તું ભાઇ!
તે દી તારા બાપુની રામદુહાઇ!

આજ સુધી જીવુ છું રે
	પાવા તુજને દૂધડાં હો રાજ!
જીવતર વિતાવું છું રે
	ગાવા શૂરનાં ગીતડાં હો રાજ!
જુગ જુગથી જાગુ છું રે
	લેવા છેલ્લાં મીઠડાં હો રાજ!
વનરાવનનો રાજા રે
	પોઢચો ઊંચે પારણે હો રાજ!

*

## રાત પડતી હતી

રાત પડતી હતી, પડતી હતી,
જાણે વીરની વિજોગી બેન રડતી'તી
એવી રાત પડતી હતી, પડતી હતી.

રાત ગળતી હતી, ગળતી હતી,
જાણે બેટાને હૈયે માત લળતી'તી
એવી રાત ગળતી હતી, ગળતી હતી.

પ્હો પ્રગટતી હતી, પ્રગટતી હતી,
જાણે પ્રભુજીની આંખડી ઊઘડતી'તી
એવી પ્હો પ્રગટતી હતી, પ્રગટતી હતી.

લૂ વરસતી હતી, વરસતી હતી,
જાણે દુરજનની પ્રીત છાનું હસતી'તી
એવી લૂ વરસતી હતી, વરસતી હતી.

લાય બળતી હતી, બળતી હતી,
જાણે ધરતી આભે જવા કકળતી'તી
એવી લાય બળતી હતી, બળતી હતી.

છાંય ઢળતી હતી, ઢળતી હતી,
જાણે વાદળની વેદના નીંગળતી'તી
એવી છાંય ઢળતી હતી, ઢળતી હતી.

સાંજ નમતી હતી, નમતી હતી,
જાણે હૈયાની વાસના વિરમતી'તી
એવી સાંજ નમતી હતી, નમતી હતી.

સાંજ સરતી હતી, સરતી હતી,
જાણે બાપુને નેહે બા નીતરતી'તી
એવી સાંજ સરતી હતી, સરતી હતી.

*

## શિવાજીનું હાલરડું

આભમાં ઊગેલ ચાંદલો, ને જીજીબાઈને આવ્યાં બાળ—
બાળુડાને માત હીંચોળે :
ધણણણ ડુંગરા બોલે!
શિવાજીને નીંદરું ના'વે :
માતા જીજીબાઈ ઝુલાવે.

પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ-લખમણની વાત—
માતાજીને મુખ જે દીથી,
ઊડી એની ઊંઘ તે દીથી.—શિવાજીને૦

પોઢજો રે, મારાં બાળ! પોઢી લેજો પેટ ભરીને આજ—
કાલે કાળાં જુદ્ધ ખેલાશે :
સૂવાટાણું ક્યાય ને રે'શે.—શિવાજીને૦

ધાવજો રે, મારાં પેટ! ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ—
રે'શે નહીં, રણઘેલુડા!
ખાવા મૂઠી ધાનની વેળા.—શિવાજીને૦

પે'રી-ઓઢી લેજો પાતળાં રે! પીળાં-લાલ-પીરોજી ચીર—
કાયા તારી લોહીમાં ના'શે :
ઢાંકણ તે દી ઢાલનું થાશે.—શિવાજીને૦

ઘૂઘરા, ધાવણી, પોપટ-લાકડી ફેરવી લેજો આજ—
તે દી તારે હાથ રે'વાની
રાતી બંબોળ ભવાની.—શિવાજીને૦

લાલ કંકુ કેરા ચાંદલા ને ભાલે તાણજો કેસર-આડય—
તે દી તો સિંદોરિયા થાપા
છાતી માથે ઝીલવા, બાપા !—શિવાજીને૦

આજ માતા ચોડે ચૂમિયું રે, બાળા ! ઝીલજો બેવડ ગાલ—
તે દી તારાં મોઢડાં માથે
ધૂંવાધાર તોપ મંડાશે.—શિવાજીને૦

આજ માતાજીની ગોદમાં રે, તુંને હૂંફ આવે આઠ પો'ર—
તે દી કાળી મેઘલી રાતે
વાયુ ટાઢા મોતના વાશે.—શિવાજીને૦

આજ માતા દેતી પાથરી રે કૂણાં ફૂલડાં કેરી સેજ—
તે દી તારી વીર-પથારી
પાથરશે વીશભુજાળી.—શિવાજીને૦

આજ માતાજીને ખોળલે રે, તારાં માથડાં ઝોલે જાય—
તે દી તારે શિર ઓશીકાં
મેલાશે તીર-બંધૂકાં.—શિવાજીને૦

સૂઈ લેજે, મારા કેસરી રે ! તારી હિંદવાણું જોવે વાટ—
જાગી વે'લો આવ, બાળુડા !
માને હાથ ભેટ બંધાવા.—શિવાજીને૦

જાગી વે'લો આવજે વીરા !
ટીલું માના લોહીનું લેવા !

શિવાજીને નીંદરું ના'વે :
માતા જીજીબાઈ ઝુલાવે.
બાળુડાને માત હીંચોળે :
ધણણણ ડુંગરા બોલે.

*

## આષાઢી સાંજ

આષાઢી સાંજનાં અંબર ગાજે,
અંબર ગાજે, મેધાડંબર ગાજે!

માતેલા મોરલાના ટૌકા બોલે,
ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે. —આષાઢી૦

ગરવા ગોવાળિયાના પાવા વાગે,
પાવા વાગે, સૂતી ગોપી જાગે. —આષાઢી૦

વીરાની વાડીઓમાં અમૃત રેલે,
અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે. —આષાઢી૦

ભાભીની રાતીચોળ ચૂંદડ ભીંજે,
ચૂંદડ ભીંજે, ખોળે બેટો રીઝે.

આષાઢી સાંજનાં અંબર ગાજે,
અંબર ગાજે, મેધાડંબર ગાજે.

*

## કજિયાળો!

કોણ કહે કજિયાળો મુજને,
કોણ કહે કજિયાળો રે!
એવું કહી શીદ બાળો મુજને!
કોણ કહે કજિયાળો રે!

મન મારું આકાશે તરતું,
વાદળીઓની સાથે ફરતું,
બા કે'શે કે 'લેસન કર તું!'
ઠપકો દેતી ઠાલો રે. —કોણ૦

એરોપ્લેનને ઊડતું દેખું,
જાણે જઇ ગગનમાં ઠેકું,
બાપુ ત્યાં ગોખાવે લેખું!
મરજો લેખાંવાળો રે! —કોણ૦

ઘૂંટું જ્યાં પાટી પર મીંડાં
સાંભરતાં રૂપાળાં ઇંડાં
શોધું છું ક્યાં ક્યાં પંખીડાં
બાંધે બેઠાં માળો રે. —કોણ૦

ઊંડા ઊંડા દરિયા ઉપર
શી રીતે દોડે છે સ્ટીમર,
પૂછું રે કોઇ આપો ઉત્તર!
મારી શંકા ટાળો રે. —કોણ૦

પૂછું તો બા શીદ ખિજાતાં?
કેમ નથી કંઇ ગીતો ગાતાં?

મૂંગાં મૂંગાં પોઢી જાતાં,
કેમ જશે શિયાળો રે? —કોણ૦

આવી દૂધલિયાળી રાતો,
કહો બા, તારાઓની વાતો,
શી રીતે આ આભ સુહાતો
ઝગમગ ભાત્યોવાળો રે? —કોણ૦

મારા મનના કૈંક વિચારો,
કોને જઈ હું કહું બિચારો!
ડગલે ડગલે મળતો ડારો,
કોઈ ન કા પંપાળો રે! —કોણ૦

ખિજાયા વિણ ખોળે લઈને,
સમજાવો આલિંગન દઈને,
બેસીશ ડાહ્યો ડમરો થઈને,
હું તો સાવ સુંવાળો રે. —કોણ૦

પણ જો તરછોડયા કરશો તો,
મોઢું મચકોડયા કરશો તો,
મનડું સંકોડયા કરશો તો,
વધશે મુજ ગોટાળો રે.

કોણ કહે કજિયાળો મુજને,
કોણ કહે કજિયાળો રે!

*

# નાના થૈને રે !

નાના થૈને, નાના થૈને, નાના થૈને રે!
બાપુ! તમે નાના થૈને રે
મારા જેવા નાના થૈને રે
છાનામાના રમવા આવો! નાના થૈને રે.

નાના કેવી રીતે થાવું,
આવો, બાપુ! રીત બતાવું :
ઢીંકા–પાટુ, પીવું–ખાવું
પાડા થઈને રે. —નાના૦

શેરી વચ્ચે નાચવા આવો,
ઓળકોળાંબે હીંચવા આવો,
બોથડ મોટી મૂછ બોડાવો
પૈસો દૈને રે. —નાના૦

સૂરજ ભૈની નાનકી છોડી,
કુરડીએ કંકુડાં ઘોળી,
દા'ડી દા'ડી આવે દોડી
દરિયે થૈને રે. —નાના૦

ડુંગર ઉપર જઈ બોલાવો :
ઉષા બેની આવો આવો!
એની પાસે ગાલ રંગાવો
ગોઠયણ થૈને રે. —નાના૦

નાને માથે નાનકી પાંથી,
દેશ હું ઓળી મીંડલાં ગૂંથી,

જોજો રાતે નાખતા ચૂંથી
ગાંડા થૈને રે. —નાના૦

ઝભ્ભે અગ્રં રાખજો ખીસાં,
માંહી પાંચીકા વીણશું લીસા,
કાગળ, બાગળ, રૂપિયા પૈસા
ફેંકી દૈને રે. —નાના૦

ખેંચી દોરી ખૂબ હીંચોળે,
થાકેલી બા જાશે ઝોલે,
ભાગી જાશું બેઉ ભાગોળે
સાંકળ દૈને રે. —નાના૦

વેળુ વચ્ચે વીરડા ગાળી,
વાંકે ઘૂંટણ પીશું પાણી,
ગોવાળ આવે ગાડર જાણી
ડાંગો લૈને રે. —નાના૦

લીંબોળીનાં લૂમખાં લેવા,
ઝૂમશું ઝાડે વાંદર જેવા,
પંખીડલાંના ખાશું મેવા
જંગલ જૈને રે. —નાના૦

ખેતર કોતર ખીણ ઓળંગી,
જોઇ વાદળીઓ રંગબેરંગી,
ઘૂમશું ડુંગર જંગી જંગી
ઘેલાં થૈને રે. —નાના૦

નાની આંખે નાનકાં આંસુ,
બાની સાથે રોજ રિસાશું,
ખાંતે એના ધબ્બા ખાશું
ખોળે જૈને રે.
નાના થૈને, નાના થૈને, નાના થૈને રે!

*

## ભાઈ તો બોખલા રે!

[ઢાળ : લીલી લીંબડી રે, લીલો નાગરવેલનો છોડ]

ભાઈ તો બોખલા રે,
બેનને દૂધલા બતરીશ દાંત!
બચુભાઈ બોખલા રે,
બેનને દાડમ–કળીશા દાંત!

મુજને એકલી રે,
મૂકી ખાતા'તા બહુ મામ;
મુંબઈ શે'રના રે,
મેવા લેજો રે હવે ડામ! —ભાઈ તો૦

બેનને ખીજવી રે,
ભાઈ મારા હસતા ખડખડ હાસ;
એટલે લાગિયા રે,
બેનના અંતરના નિઃશ્વાસ —ભાઈ તો૦

*

બેન બહુ બોલકી રે,
ટીણકી ત્રણ વરસની બાળ;

ભાઈ ભડવીરની રે,
　　જો જે કરતી ઝઝી આળ　　—ભાઈ તો૦

મામ! મામ! માગતી રે,
　　બાને બટકાં ભરતી રોજ!
થા મુજ જેવડી રે,
　　પડશે બોખલા મોંની મોજ　　—ભાઈ તો૦

દૂધિયા દાંતનાં રે,
　　આવડાં કરતી શાં અભિમાન!
ચીપિયે ચૂંટશે રે,
　　એકએક લઈ લઈને ભગવાન!　—ભાઈ તો૦

*

ના રે મારાં બાળુડાં રે,
　　પ્રભુજી નિર્દય એવા નો'ય;
આખા વિશ્વનાં રે,
　　એને બાળ બહુ વ્હાલાં હોય.

નાનાં તમે હતાં રે,
　　ઘૂંટડે પીતાં બાનાં દૂધ;
નો'તાં બોલતાં રે,
　　નો'તી દાંતોનીય જરૂર.

મોટાં પછી થયાં રે,
　　દેવા લાગ્યાં દોટમદોટ;
ધાવણ ખૂટિયાં રે,
　　માંડી 'મામ'ની ઝૂંટાઝૂંટ!

પેટડામાં દુઃખશે રે—
સમજી પ્રભુએ દીધા દાંત;
માન્યું કે ચાવશે રે,
બાળ મારાં શીખશે કરતાં વાત.

એવાં વીતિયાં રે
મીઠાં મધુરાં વરસો સાત;
કેમ પછી પાલવે રે
પોચા બાળપણના દાંત?

બચુભાઈ ભાયડા રે,
ભણવું પડશે ગામ-પરગામ;
જાડાં પાતળાં રે,
ખાવાં પરઘર કેરાં ધાન.

ઝટપટ ખાઈ કરી રે,
ભણવાં ભણતર દી ને રાત;
કોઈ દિન જેલની રે,
ચવડી ભાખર ચવડા ભાત!

બા તો આજ છે રે,
કાલે કોણ જાણે શું થાય!
એવું ઉરે ધરી રે,
પ્રભુજી ચિંતામાં પડી જાય.

લાખો બાળુડાં રે
પ્રભુજીની નજરે તરવર થાય;

શીતળ સેજમાં રે,
        પ્રભુજીની નીંદરડી ઊડી જાય.

*

ભાઈ–બહેન પોઢિયાં રે,
        છુમ ! છુમ ! કરતાં કરતાં વાત;
પ્રભુજી આવિયા રે,
        લપતા છપતા અધમધ રાત.

ભાઈને મોઢડે રે,
        મૂકી વીજળી ઝકમઝોળ;
ઊંચી જરી કરે રે,
        દૂધલા દાંતો કેરી હાર.

ઊંડા વાવિયા રે,
        નવલા બરછી સરખા દાંત;
ઢીલા ઢાંકિયા રે,
        ઉપર જૂના ડગમગ દાંત.

*

ભાઈ તો ભોળુડો રે,
        જમતાં જમતાં ઝબકી જાય;
દાંત પડી ગયો રે,
        તોયે દુઃખ જરીકે ન જણાય.

બોખલા રામને રે,
        બેન ખૂબ ખીજવતી હરખાય;

ત્યાં તો એક દિને રે,
હીરલો દાંત નવો ડોકાય!

નવલા દાંતની રે,
ભાઈ, તારે મુખડે મોહન ભાત્ય;
બેન ભોંઠી પડી રે,
રીઝવે ખોળે લઈને માત.

ઊજળા દાંતથી રે,
બેન–ભાઈ બોલો ઊજળા બોલ!
હળીમળી હેતથી રે,
ગજવો ગજવો ગૃહકિલ્લોલ!

ભાઈ તો બોખલા રે!
બેનને દાડમ-કળીશા દાંત.

*

Acc. No. 130314
Date 13-9-2010

ઝવેરચંદ મેઘાણીની પંચોતેરમી જન્મજયંતીએ, 1972માં, લેખકનાં ચૂંટેલાં કાવ્યો, નવલિકાઓ અને લોકકથાઓના 250–250 પાનાંના ત્રણ સંગ્રહોનો સંપુટ 'કસુંબીનો રંગ' નામે બહાર પડેલો.

એ ગ્રંથ–ત્રિપુટી પૈકીના 'મેઘાણીનાં કાવ્યો' સંચયમાંથી એકલાં બાળગીતો જુદાં તારવી, બીજાં બે–ત્રણ તેમાં ઉમેરીને, આ પુસ્તિકા પણ તે જ વરસે કિશોર વાચકો માટે પ્રગટ કરેલી ને તેની એક લાખ નકલનો ફેલાવો થયેલો. ગુજરાતની કિશોરીઓ–કન્યાઓનાં હૈયાંમાં ને કંઠમાં રોપાયેલાં આ ગીતો તેના કવિનું એક મધુર સ્મારક બની રહ્યું છે.

માતા તથા નાનાં બાળકોના મનોભાવ ગુંજવતાં ગીતો ઝવેરચંદ મેઘાણીએ 'વેણીનાં ફૂલ' (1928) અને 'કિલ્લોલ' (1930)માં આપ્યાં, પછીના આટલા દાયકાઓ દરમ્યાન લાખો વાચકોના અંતરમાં એ ગીતોએ અમીસિંચન કરેલું છે. એ બેયનાં મળીને સડસઠ ગીતોમાંથી પચીસ આ પુસ્તિકામાં રજૂ થયાં છે, તે આપણી નવી પેઢીનાં બાળકોને પણ પોતાની બહેનોને કંઠેથી સાંભળવા મળતાં રહેશે એવી ઉમેદ છે.

*

Library IIAS, Shim
GJ 891.478 M 472 N
00130314

SABARMATI AS
000846 Ahme
Na Na Thai Na Re
MRP: Rs. 4

રૂ. 4

100 નકલના રૂ. 250 : 1,000 નકલના રૂ. 2,000